# આઇ.સી.ડી.એસ. અર્બન પ્રોજેકટ

## વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in  icds@vmc.gov.in

## -: ભરતી અંગેની જાહેર નિવિદા:-

વડોદરા મહાનગરપાલિકા સંચાલિત આઇ.સી.ડી.એસ. અર્બન પ્રોજેકટ હેઠળની મુખ્ય સેવિકા અને કો-ઓર્ડીનેટરની હંગામી જગ્યાઓ તથા આંગણવાડીઓમાં કાર્યકર/ તેડાગર (હેલ્પર) માટે ખાલી પડેલ/ પડનાર જગ્યાઓ માટે આંગણવાડી કેન્દ્રોના જ સ્થાનિક વિસ્તાર/ ફળીયાની પરણિત મહિલાઓ પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે, ઓનલાઇન અરજીઓ જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૨૦ દિવસ સુધીમાં www.vmc.gov.in ઉપર કરવાની રહેશે.

| જગ્યાનુ નામ | લઘુતમ લાયકાત | પગાર ધોરણ | અંદાજીત જગ્યાઓ |
|---|---|---|---|
| પ્રોગ્રામ મેનેજર | અનુ સ્નાતક | રૂ. ૨૦,૦૦૦/- | ૦૧ |
| બ્લોક કો-ઓર્ડીનેટર | અનુ સ્નાતક | રૂ. ૧૫,૦૦૦/- | ૦૨ |
| મુખ્ય સેવિકા | સ્નાતક | રૂ. ૧૧,૫૦૦/- | ૦૪ |
| આં.વાડી. કાર્યકર | ધોરણ-૧૦ | રૂ. ૬,૩૦૦/- | ૩૨ |
| આં.વાડી. તેડાગર | ધોરણ-૭ | રૂ. ૩,૨૦૦/- | ૪૩ |

ભરતી અંગેની તમામ માહિતીઓ જેવીકે લાયકાત, પગાર ધોરણ, આંગણવાડીઓની યાદી, ભરતીની શરતો, વગેરે વેબસાઇટ પરથી જ જોવા મળશે.

પી.આર.ઓ.નં. ૮૮૦ / ૨૦૧૭-૧૮ આરોગ્ય અમલદાર

જાહેરાતની તારીખ: ૦૫/૦૨/૨૦૧૮

સમાચાર પત્રક: ગુજરાત સમાચાર

અંતિમ તારીખ: ૨૪/૦૨/૨૦૧૮

**આઇ.સી.ડી.એસ. અર્બન પ્રોજેક્ટ**
**વડોદરા મહાનગરપાલિકા**

## આંગણવાડી કાર્યકર અને તેડાગરની ભરતી માટેની જાહેરાત

## (પી.આર.ઓ. ક્રમાંક: ૮૮૦/ ૨૦૧૭-૧૮)

| ક્રમ | ઘટક | આંગણવાડીનુ નામ | સરનામુ | કાર્યકર | તેડાગર |
|---|---|---|---|---|---|
| ૧ | ૧ | વારસીયા-૮ | યાકુતપુરા ચોરા પાછળ | હા | - |
| ૨ | ૧ | જ્યુબીલીબાગ-૧ | કાલુપુરા | - | હા |
| ૩ | ૧ | જ્યુબીલીબાગ-૨ | યાકુતપુરા | હા | હા |
| ૪ | ૧ | જ્યુબીલીબાગ-૩ | લાડવાડા | હા | હા |
| ૫ | ૧ | સુદામાપુરી-૧ | રાજારાણી તળાવ પાણીગેટ લાઇટબીલની ઓફીસની બાજુમાં ગૌરવ સોસાયટી પાસે,પાણીગેટ | હા | હા |
| ૬ | ૧ | ગાજરાવાડી-૯ | બાવામાનપુરા, શાક માર્કેટની પાછળ | હા | - |
| ૭ | ૧ | કપુરાઇ-૪ | વુડાના મકાન,કાન્હા હાઇટસ પાસે, ડભોઇ રોડ | - | હા |
| ૮ | ૧ | કપુરાઇ-૭ | ભારત પેટ્રોલ પંપ પાસે, વુડાના મકાન | - | હા |
| ૯ | ૨ | અકોટા-૦૨ | ગુજરાત હા.બોર્ડ, અકોટા | હા | હા |
| ૧૦ | ૨ | અકોટા-૦૪ | હનુમાનનગર, મુજમહુડા | હા | - |
| ૧૧ | ૨ | અકોટા-૧૧ | અકોટાનવાવાસ, અકોટાગાર્ડન પાસે, અકોટા ગામ | હા | હા |
| ૧૨ | ૨ | જેતલપુર-૧૦ | પતરાનીચાલ રેલ્વે સ્ટે. પાછળ | - | હા |
| ૧૩ | ૨ | જેતલપુર-૧૧ | નટરાજટાઉનસીપ, પરશુરામભઠા, સયાજીગંજ | - | હા |
| ૧૪ | ૨ | અટલાદરા-૦૩ | વિનાયક હાઉસીંગ, સનફાર્મા રોડ, અટલાદરા | - | હા |
| ૧૫ | ૨ | તાંદલજા-૦૧ | હનુમાન મંદિર સામે, પંચમુખી વુડા, વાસણા | - | હા |
| ૧૬ | ૨ | તાંદલજા-૦૩ | નવી નગરી તળાવ પાસે, તંદલજા | - | હા |
| ૧૭ | ૨ | તાંદલજા-૦૭ | કબ્રસ્તાન પાસે, તાંદલજા | - | હા |
| ૧૮ | ૨ | દિવાળીપુરા-૦૨ | સવૈયાનગર એ.એસ.આઇ. હોસ્પીટલની સામે | - | હા |
| ૧૯ | ૨ | ગોકુલનગર-૦૮ | તળાવની પાછળ, ગોત્રી | - | હા |
| ૨૦ | ૨ | ગોત્રી-૦૯ | કલ્પવૃક્ષની પાછળ, પંચામૃત | હા | હા |
| ૨૧ | ૨ | ગોરવા-૦૧ | દતકૃપા પાસે, જુના ગોરવા શાકમાર્કેટ પાસે માળી મહોલ્લો | - | હા |
| ૨૨ | ૨ | ગોરવા-૦૫ | રણછોડ ફળીયુનુ ગોરવા ગામ, ગોરવા | - | હા |
| ૨૩ | ૨ | ગોરવા-૦૭ | પંચવટી હુડેરા રોડ, ગોરવા | - | હા |
| ૨૪ | ૨ | ગોરવા-૧૩ | નીલેશનગર નો ખાડો, અંબેવાડીની આગળ | હા | હા |
| ૨૫ | ૨ | સુભાનપુરા-૦૧ | સુભાનપુરા તળાવપાસે, સ્લમ કવાટર, સુભાનપુરા | હા | - |
| ૨૬ | ૨ | સુભાનપુરા-૦૨ | સંતોષનગર સુભાનપુરા | હા | - |
| ૨૭ | ૨ | સુભાનપુરા-૦૮ | જય અંબે હાઉસિંગ બોર્ડ, સુભાનપુરા | - | હા |
| ૨૮ | ૨ | સુભાનપુરા-૦૯ | સુભાનપુરા ગામ, બજાણીયાવાસ | હા | હા |
| ૨૯ | ૨ | કારેલીબાગ-૦૬ | કાસમવાલા કબ્રસ્તાન, કારેલીબાગ | હા | - |
| ૩૦ | ૨ | કારેલીબાગ-૦૭ | વી.એમ.સી ક્વાર્ટસ, બુધ્ધદેવ કોલોની સામે | હા | હા |
| ૩૧ | ૨ | કારેલીબાગ-૦૯ | રાણાવાસ, કારેલીબાગ | હા | હા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૨ | ૨ | કારેલીબાગ-૧૦ | હુજરત ટેકરા, કારેલીબાગ | હા | હા |
| ૩૩ | ૨ | ફતેપુરા-૦૪ | મંગલેશ્વર હરિજનવાસ ફતેપુરા | - | હા |
| ૩૪ | ૨ | ફતેપુરા-૦૭ | કોમ્યુનિટી હોલ પાસે, ફતેપુરા | - | હા |
| ૩૫ | ૨ | ફતેપુરા-૧૧ | સુથાર ફળિયા, ફતેપુરા | હા | હા |
| ૩૬ | ૨ | ફતેપુરા-૧૨ | ગેંડા ફળિયા, ફતેપુરા | હા | હા |
| ૩૭ | ૨ | ફતેપુરા-૧૩ | પટેલ ફળિયા, ફતેપુરા | હા | હા |
| ૩૮ | ૨ | નવી ધરતી-૦૩ | શારદામંદિર સ્કુલ પાછળ, સલાટવાડા | - | હા |
| ૩૯ | ૨ | નવી ધરતી-૦૮ | મચ્છીપીઠ, નાગરવાડા | હા | - |
| ૪૦ | ૨ | નવી ધરતી-૦૯ | કાકાસાહેબ ટેકરો, જબુબેટ | હા | હા |
| ૪૧ | ૨ | નવી ધરતી-૧૦ | ખત્રીપોળ, મહીલા પોછીસ સ્ટે. સામે, કારેલીબાગ | હા | હા |
| ૪૨ | ૨ | નવી ધરતી-૧૧ | પંચશીલ મહોલ્લો, પ્રાથમીક શાળાપાસે, સલાટવાડા | હા | હા |
| ૪૩ | ૨ | નવી ધરતી-૧૨ | સૈયદપુરા, વડીવાડી શાકમાર્કેટ પાસે | હા | હા |
| ૪૪ | ૨ | નવાપુરા-૦૧ | મોટી ખારવાવાડ, મદનઝાંપા રોડ | હા | હા |
| ૪૫ | ૨ | નવાપુરા-૦૬ | રામનવાળાનો મહોલ્લા પાસે, પથ્થરગેટ રોડ | હા | હા |
| ૪૬ | ૨ | શિયાબાગ-૦૯ | વિશ્વામીત્રી બ્રીજની નીચે, સુભાષનગર ઝુપડપટ્ટી | હા | હા |
| ૪૭ | ૨ | શિયાબાગ-૧૦ | વોર્ડ નં-૫ની પાસે, કેવડાબાગ, શિયાબાગ | હા | હા |
| ૪૮ | ૨ | શિયાબાગ-૧૧ | ગાંધી ટ્રાવેલ્સની બાજુની ગલી, શિયાબાગ કુંભારવાડા | હા | હા |
| ૪૯ | ૨ | શિયાબાગ-૧૨ | અરવિંદ આશ્રમની પાસે, બદામડીબાગની સામે | હા | હા |
| ૫૦ | ૨ | શિયાબાગ-૧૩ | હનુમાન મંદિરની પાછળ, રાજમહેલ રોડ | હા | હા |

૧. લઘુતમ શૈક્ષણિક લાયકાત:
આંગણવાડી કાર્યકર - એસ.એસ.સી. (ધોરણ-૧૦)
આંગણવાડી તેડાગર - ધોરણ-૭

૨. પગાર ધોરણ: સરકારશ્રીના ધારાધોરણ મુજબ માનદ વેતન મળવા પાત્ર છે.
આંગણવાડી કાર્યકર - રૂ. ૬,૩૦૦/-
આંગણવાડી તેડાગર - રૂ. ૩,૨૦૦/-

૩. વય મર્યાદા: જાહેરાત પ્રસિધ્ધ થયાના રોજ ૧૮ વર્ષથી ઓછી અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઇએ.

૪. વય નિવૃતિ: આંગણવાડી કાર્યકર અને તેડાગર તરીકે નિમણુંક પામેલ ઉમેદવારને ૫૮ વર્ષની ઉમર પુરી થતા વય નિવૃત કરવામાં આવશે.

૫. સ્થાનિક ઉમેદવાર: ઉમેદવાર આંગણવાડી વિસ્તાર/ ફળિયામાં જ વસવાટ કરતો હોવો જોઇએ, આધારકાર્ડ/ વીજ બીલ/ રેશનકાર્ડ/ ચુટણીકાર્ડ પૈકીની એક પુરાવો રજુ કરવાનો રહેશે, તેમજ રહેઠાણથી અરજી કરેલ આંગણવાડી કેન્દ્ર સુધીનુ અંતર દર્શાવવાનુ રહેશે.

૬. આંગણવાડી તેડાગરને આંગણવાડી કાર્યકર તરીકે નિમણુંકમાં અગ્રતા: જયારે આંગણવાડી કેન્દ્રમાં આંગણવાડી કાર્યકરની જગ્યા ખાલી પડે ત્યારે તેજ આંગણવાડી કેન્દ્રમાં કાર્યરત હેલ્પર બહેન ૫ વર્ષ અથવા વધુ સમયથી હેલ્પર તરીકે ફરજ બજાવતા હોય અને આંગણવાડી કાર્યકર તરીકેની શૈક્ષણિક

લાયકાત ધરાવતા હોય તે સંજોગોમાં તેણીને આંગણવાડી કાર્યકર તરીકે નિમણૂક આપવામાં અગ્રતા આપવામાં આવશે.

૭. **<u>પરણિત મહિલા</u>**: પરણિત મહિલા તરીકે લગ્ન નોધણીના અસલ પ્રમાણપત્રના આધારે જ પસંદગી કરીને નિમણૂંક કરવામાં આવશે.

૮. **<u>કાર્ય ક્ષમતા</u>**: આંગણવાડી કાર્યકર/ તેડાગરની ફરજો માટે જરૂરી એવી શારીરીક/ માનસીક તંદુરસ્તી વાળા ઉમેદવારો જ પસંદગીને પાત્ર રહેશે.

૯. **<u>આંગણવાડી માટે ભાડાનુ મકાન</u>**: જ્યા મકાનની વ્યવસ્થા ન હોય ત્યા આંગણવાડીના મકાનની વ્યવસ્થા ઉમેદવારે પોતે જ કરવાની રહેશે, સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ મકાન ભાડુ અને વિજ બીલ ચુકવવામાં આવશે.

૧૦. **<u>પસંદગી પાત્ર</u>**: ઉમેદવાર નિયત લાયકાત ધરાવતા હોય તો તેમની પસંદગી થઇ જ જશે તેવુ નથી, પસંદગીના તેમજ અન્ય તમામ અધિકારો પસંદગી સમિતિ પાસે અબાધિત રહેશે અને સમિતિનો નિર્ણય આખરી ગણાશે, તે અંગે વાંધો કે તકરાર કરી શકાશે નહી.

## <u>જાહેરાતની સામાન્ય શરતો/ જોગવાઇઓ:</u>

1. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.
2. રસ ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિધ્ધ થયાથી ૨૦ દિવસ દરમ્યાન www.vmc.gov.in વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ www.vmc.gov.in ઉપરથી વાંચી લેવાની રહેશે.
3. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.
4. ઉપરોક્ત યાદી પૈકી કોઇપણ એક જ કેન્દ્ર માટે અરજી કરવાની રહેશે, એક થી વધુ કેન્દ્રો/ જગ્યાઓ માટે અરજી કરી શકાશે નહી, તેમજ આમ કર્યાનુ ધ્યાને આવશે તો તમામ અરજીઓ રદ કરવામાં આવશે.
5. ભરતી પ્રક્રિયા દરમ્યાન જો કોઇ ઉમેદવાર દ્વારા સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.
6. ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણુંક કોઇ પણ તબકકે રદ કરવામાં આવશે.
7. આ જાહેરાત અન્વયેની ભરતી અંગે લેખિત પરિક્ષા/મૌખિક ઇન્ટરવ્યુ બાબતે વડોદરા મહાનગર પાલિકાના સક્ષમ અધિકારીશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવશે.
8. પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/ લેખિત/ મૈખિક કસોટી માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઇપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવાને પાત્ર થશે નહીં.
9. આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક/ અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા ને રહેશે.
10. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે www.vmc.gov.in વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

તા: ૦૫/ ૦૨/ ૨૦૧૮.

આરોગ્ય અમલદાર
વડોદરા મહાનગરપાલિકા